1973-06-01 -Mandir Sankalan Samiti -Azad Kalam (1139)

ઇતિહાસ ના ઝરૂખે થી

આઝાદ કલમ

તા. ૧-૬-૭૩

★ પ્રતિનિધી સભામાં વિવિધ ★

મંદિરોના સંકલન માટે લેવાયેલ નિર્ણય

સનાતન સમાજની સમિતિની થતી રચના

ભુજ–કચ્છ

તાજેતરમાં ભુજ ખાતેની પટેલ વાડીમાં મળી ગયેલી કચ્છના તમામ ગામોના પ્રતિનિધીઓની સભામાં ચર્ચા વિચારણાને અંતે ઉપર મુજબ નિર્ણય લેવામાં આવ્યો હતો,

આ સભામાં કચ્છ તેમજ બહાર કચ્છના પાટીદાર આગેવાનો અને સાબરકાંઠાના (ઉત્તર–ગુજરાત) આગેવાનો પણ હાજર રહયા હતા

શરૂઆતમાં પ્રેમજી પુંજાએ (વિથોણ) આજની મીટીંગનો ઉદ્દેશ સમજાવ્યો હતો. તથા ત્યર બાદ જુદા જુદા વકતાઓએ પોત-પોતાના વિચારો રજૂ કર્યાં હતા. નથુભાઇ નાનજીએ આખાયે સનાતન સમાજની ચળવળનો ઇતિહાસ સમજાવ્યો હતો. ત્યારબાદ કરસનભાઈ મુળજી જયાપર, સામજી સીરજી દરસંડી, પ્રેમજી સીવગણ જયાપર વગેરે આગેવાનોએ ચર્ચા આગળ ચલાવી હતી.

સાબરકાંઠાના જાણીતા આગેવાન શ્રી નાનજીભાઇ કાનજીએ પોતાના વિચારો રજૂ કર્યા હતા તથા તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી રતીલાલભાઇ પટેલે પોતાના વિચારો આ બાબતે રજૂ કરતાં જણાવ્યું હતું કે આપણે જે હેતુ સિદ્ધ કરવા માગીએ છીએ તે બાબતે સ્પસ્ટતા પુર્વક આગળ વધવું જોઇએ ગુ યુવક મંડળના પ્રમુખશ્રી સામજીભાઈએ જોશીલી જબાનમાં હિમતપુરંક આગળ વધવા આગ્રહ કર્યો હતો તથા કાન્તીભાઈ (તત્રી જાગૃતિએ) વર્તમાન પરિસ્થિતિમાં પડતી મુશ્કેલીઓ વિગતવાર સમજાવી હતી.

મનજી વાલજી (ઉખેડા)એ સનાતન શબ્દનું અર્થ ઘટન કયું હતું તથા દરશડીના સરપચ શ્રી સાંવદાસ ગોવિંદે નીતિવિષયક સ્પષ્ટ નિર્ણયો માટેનો આગ્રહ કર્યો હતો.

શ્રી કરમશી શીવદાસ રવાપરે દરેક મદિરોનું સંકલન થવુ જોઇએ અને તેના માટે મધ્યવર્તી સસ્થા ઉભી કરવા તરફ ભાર મુકયો હતો.

શ્રી જેઠા હંશરાજ રાજપર તથા મેઘજીભાઈ વિથોણ વગેરે પોત પોતાના વિચારો રજૂ કર્યા હતા.

આખરે ચર્ચાનો ઉપસંહાર કરતાં શ્રી ખીમજી નાગજી પટેલ (ધારા સભ્યે) જણાવ્યુ હતું કે આ બાબતે મુળ પ્રશ્ન વિવિધ જગ્યાએ રહેલાં લક્ષ્મીનારાયણના મંદિરોનું સંકલન કરવાનું છે.

છેવટે પ્રમુખ સ્થનેથી વાંઢાય ઇશ્વરનગર સમિતિના પ્રમુખ શ્રી પ્રેમજી રામજીએ બધાને આ કાર્યમાં ઉત્સાહભેર કામે લાગી જવા અપીલ કરી હતી.

આમ ચર્ચા વિચારણાને અંતે ૪૨ જણની એક સમિતિની રચના કરવામાં આવી હતી તેનું નામ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ સમિતિ એવુ રાખવાનું નકકી કરવામાં આવ્યુ હતું અને આ હેતુ માટે શ્રી મણીલાલ વાલજીના પ્રમુખપદે પાંચ જણની એક ફંડ સમિતિની પણ રચના કરવામાં આવી હતી આખરે આભારવિધિ બાદ મોડી રાતે સભા વિખેરાઇ હતી.

ઇતિહાસ ના ઝરૂખે થી

આઝાદ કલમ

તા. ૧-૬-૭૩

★ પ્રતિનિધી સભામાં વિવિધ ★

મંદિરોના સંકલન માટે લેવાયેલ નિર્ણય

સનાતન સમાજની સમિતિની થતી રચના

ભુજ—કચ્છ

તાજેતરમાં ભુજ ખાતેની પટેલ વાડીમાં મળી ગયેલી કચ્છના તમામ ગામોના પ્રતિનિધીઓની સભામાં ચર્ચા વિચારણાને અંતે ઉપર મુજબ નિર્ણય લેવામાં આવ્યો હતો,

આ સભામાં કચ્છ તેમજ બ્રહદ કચ્છના પાટીદાર આગેવાનો અને સાબરકાંઠાના (ઉત્તર—ગુજરાત) આગેવાનો પણ હાજર રહયા હતા

શરૂઆતમાં પ્રેમજી પુંજાએ (વિથોણ) આજની મીટીંગનો ઉદ્દેશ સમજાવ્યો હતો. તથા ત્યાર બાદ જુદા જુદા વકતાઓએ પોતપોતાના વિચારો રજૂ કર્યાં હતા. નથુભાઇ નાનજીએ આખાયે સનાતન સમાજની ચળવળનો ઇતિહાસ સમજાવ્યો હતો. ત્યારબાદ કરસનભાઈ મુળજી જયાપર, સામજી સીત્રજી દરસંડી, પ્રેમજી સીવગણ જયાપર વગેરે આગેવાનોએ ચર્ચા આગળ ચલાવી હતી.

સાબરકાંઠાના જાણીતા આગેવાન શ્રી નાનજીભાઇ કાનજીએ પોતાના વિચારો રજૂ કર્યા હતા તથા તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી રતીલાલભાઇ પટેલે પોતાના વિચારો આ બાબતે રજૂ કરતાં જણાવ્યું હતું કે આપણે જે હેતુ સિદ્ધ કરવા માગીએ છીએ તે બાબતે સ્પષ્ટતા પુર્વક આગળ વધવું જોઇએ યુ યુવક મંડળના પ્રમુખશ્રી સામજીભાઈએ જોશીલા જબાનમાં હિંમતપુર્વક આગળ વધવા આગ્રહ કર્યો હતો તથા કાન્તીભાઈ (તંત્રી જાગૃતિ એ) વર્તમાન પરિસ્થિતિમાં પડતી મુશ્કેલીઓ વિગતવાર સમજાવી હતી.

મનજી વાલજી (ઉખેડા)એ સનાતન શબ્દનું અર્થ ઘટન કર્યું હતું તથા દરશડીના સરપંચ શ્રી સાંવદાસ ગોવિંદે નીતિવિષયક સ્પષ્ટ નિર્ણયો માટેનો આગ્રહ કર્યો હતો.

શ્રી કરમશી શીવદાસ રવાપરે દરેક મંદિરોનું સંકલન થવુ જોઇએ અને તેના માટે મધ્યવર્તી સંસ્થા ઉભી કરવા તરફ ભાર મુકયો હતો.

શ્રી જેઠા હંશરાજ રાજપર તથા મેઘજીભાઈ વિથોણ વગેરે પોતપોતાના વિચારો રજૂ કર્યા હતા.

આખરે ચર્ચાનો ઉપસંહાર કરતાં શ્રી ખીમજી નાગજી પટેલ (ધારા સભ્યે) જણાવ્યુ હતું કે આ બાબતે મુખ્ય પ્રશ્ન વિવિધ જગ્યાએ રહેલાં લક્ષ્મીનારાયણના મંદિરોનું સંકલન કરવાનું છે.

છેવટે પ્રમુખ સ્થ નેથી વાંઢાય ઇશ્વરનગર સમિતિના પ્રમુખ શ્રી પ્રેમજી રામજીએ બધાને આ કાર્યમાં ઉત્સાહભેર કામે લાગી જવા અપીલ કરી હતી.

આમ ચર્ચા વિચારણાને અંતે ૪૨ જણની એક સમિતિની રચના કરવામાં આવી હતી તેનું નામ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ સમિતિ એવુ રાખવાનું નકકી કરવામાં આવ્યુ હતું અને આ હેતુ માટે શ્રી મણીલાલ વાલજીના પ્રમુખપદે પાંચ જણની એક ફંડ સમિતિની પણ રચનાક રવામાં આવી હતી આખરે આભારવિધિ બાદ મોડી રાતે સભા વિસર્જન થઇ હતી